Extra No. 303

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 28, 2025 / BHADRA 6, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ

File:No KHD/MSC/e-file/450/2025/2445/MAG BRANCH.-તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી જીલ્લામાં ગણેશ મહોત્સવના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. ગણેશ મહોત્સવની ઉજવણી માટે તૈયાર કરવામાં આવતી ગણેશ પ્રતિમા સ્થાપના બાદ પ્રચલિત રીત-રીવાજ મુજબ નડીયાદ, તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. આવી રીતે વિસર્જન કરી દેવા માટેની હંગામી સ્થાપન કરેલ મૂર્તિઓ સામાન્ય રીતે પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી બનાવવામાં આવતી હોય છે. જેમાં કેમિકલયુકત રંગોનો ઉપયોગ થાય છે. જેથી આવી મૂર્તિઓને પાણીમાં વિસર્જિત કરવાથી પાણીજન્ય જીવો નાશ પામી શકે છે. તેમજ કેમિકલયુકત પાણી પર્યાવરણને નુકશાન પહોંચાડી શકે છે. પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) તથા કેમિકલયુકત રંગોથી બનતી મૂર્તિઓને પાણીમાં વિસર્જન કરતાં ઉદ્ભવતી પર્યાવરણીય સમસ્યાઓને મૂર્તિના ઉત્પાદનની પ્રક્રિયાના તબકકેથી જ અટકાવવા જરૂરી છે. જેથી આવી પી.ઓ.પી.થી બનતી મૂર્તિઓ તથા તેનો ઉપયોગ અટકાવવા સારૂ સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરુરી જણાય છે. આથી હું જે.બી.દેસાઇ,જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૧૮/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે.

-:પ્રતિબંધીત કૃત્ય:-

(૧) મૂર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો, ધાર્મિક રીતે પ્રણાલિકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો. ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ કરવો નહી.

(૨) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાયથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે ઉતરતી કક્ષાના રસાયણ કે કેમિકલ યુકત રંગોથી મૂર્તિને કલર કરવો નહી.

(૩) મૂર્તિઓની બનાવટમા ઘાસ, લાકડા, બાંબુ ને બાધ નડશે નહિ.

(૪) મૂર્તિઓની ઉચાઈ બેઠક સહિત ૯ ફુટ કરતાં વધારે હોવી જોઈએ નહીં.

(૫) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે, તે જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી.

(૬) મૂર્તિકારો મૂર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જશે નહી.

(૭) મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ વાળી મૂર્તિઓ બનાવવા ખરીદવા તથા વેચાણ કરી શકાશે નહિ.

(૮) ખેડા જિલ્લા બહારથી આ પ્રકારની બનાવટ વાળી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો / વેપારીઓને પણ આ પ્રતિબંધો લાગુ પડશે.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવા ઉપર.

(૧૦) પરમીટમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય સ્થળ ઉપર વિસર્જન કરવા પર.

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લો

શિક્ષા :- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ તા. ૧૮/૦૮/૨૦૨૫

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમે-૩૩(૧)(ખ) મુજબનું ::

File No: KHD/MAG/e-file/450/2025/2440/MAG BRANCH.-કપડવંજ-આંતરસુબા- ઉ.મહાદેવ રોડ કી.મી.૦/૦૦ થી ૧/૦૦ ખાતે (ત્રિવેણી પાર્ક ચોકડી થી નદી દરવાજા સુધી) હાલમાં આર.સી.સી. રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. સદર રસ્તા પર અડધા રસ્તામાં કામગીરી ચાલુ છે તેમજ બાકીની અડધા રસ્તા (૭ મીટર પહોળાઈમાં) પર ટ્રાફિક ચાલુ રાખવામાં આવેલ છે. સદર કામગીરી દરમ્યાન ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને વાહન વ્યવહાર સરળતાથી પસાર થઈ શકે તે માટે સદર રોડ ઉપર ભારે વાહન વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને સદર ટ્રાફિકને અન્ય વૈકલ્પિ માર્ગ ખાતે ડાઈવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્રથી દરખાસ્ત કરેલ. જે અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવી તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરતું સદરહું આર.સી. સી. રોડ બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં હોય, ઉકત જાહેરનામાની વધુ ૨૦ દિવસ મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદએ તા. ૧૪/૦૮/૨૦૨૫ ના પત્ર થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર ભારે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૯/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૯/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) <u>વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-</u>

1) કઠલાલ તરફ થી અથવા કપડવંજ શહેર થી ત્રિવેણી ચોકડી થઈ નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ આંતરસુબા, ગાંધીનગર રોડ તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

2) ગાંધીનગર-આંતરસુબા રોડ થી નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ કપડવંજ ત્રિવેણી ચોકડી તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર.

(B) <u>ઉપરોકત વાહ; વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો</u>:-

1) કઠલાલ તરફ થી અથવા કપડવંજ શહેર થી ત્રિવેણી ચોકડી થઈ નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ આંતરસુબા. ગાંધીનગર રોડ તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

- કઠલાલ થી કપડવંજ રોડ તરફ મહંમદપુરા થી નવાગામ થઈ આંતરસુબા, ગાંધીનગર તરફ જઈ શકાશે.
- કપડવંજ ત્રિવેદી ચોકડી થી ડાબી બાજુ વળી કઠલાલ રોડ, મહોર નદી બ્રિજ થી આગળ મહંમદપુરા થી નવાગામ થઈ આંતરસુબા, ગાંધીનગર તરફ જઈ શકાશે.

2) ગાંધીનગર-આંતરસુબા રોડ થી નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ કપડવંજ ત્રિવેણી ચોકડી તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર.

- ગાંધીનગર તરફથી આંતરસુબા થઈ કપડવંજ રોડ તરફ નવાગામ થી મહંમદપુરા થઈ કપડવંજ- કઠલાલ રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:-આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીયાદ તા.૧૮/૦૮/૨૦૨૫

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 15:37:27 IST